હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

મહેરબાની કરી મને બોલાવડાવશો નહી... હુ બોલુ અને તમે પ્રિન્ટ કરો ત્યાં ત્યાં પક્ષનો એજન્ડા બદલાઇ જાય છે...

શહેરના સેકટર-૨ ડી ખાતે રહેતા પ્રોફેસરે જીવનલીલા સંકેલી

કામના ભારણથી કંટાળી પ્રોફેસરે આપઘાત કર્યો હોવાનો સ્યુસાઈડ નોટમાં ઉલ્લેખ કર્યો છે.

ગાંધીનગર,તા.૧૦

શહેરના સેકટર-૨ ડી ખાતે રહેતા અને અમદાવાદ એલ. ડી. એન્જિનિયરીંગ કોલેજમાં આસીસટન્ટ પ્રોફેસર તરીકે ફરજ બજાવતા નિમેશ નાનજીભાઈ શાહે ઘરમાં ગળેફાંસો ખાઈ જીવન સંકેલી લેતા ચકચાર મચી જવા પામી છે. ઘરના મોભીના આપઘાતથી પરિવાર પર આભ ફાટી પડ્યું છે. પ્રોફેસરે કામના ભારણના પગલે આ પગલું ભરી રહ્યા હોવાનો ઉલ્લેખ તેમના ઘરથી મળી આવેલી સ્યુસાઈડ નોટમાં તેઓએ કર્યો છે. જયારે સિવિલ કેમ્પસમાં પરિવારના હૈયાફાટ રૂદનથી સમગ્ર વાતાવરણમાં શોકનું મોજુ ફરી વળ્યું હતું. સમગ્ર બનાવ અંગે સેકટર-૭ પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.સુત્રો દ્વારા મળતી વિગત મુજબ શહેરના સેકટર-૨ ડી રહેતા પ્રોફેસર નિમેશ શાહ ઘરમાં જ ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. ઘટનાની જાણ થતા શહેરમાં રહેતા તેમના પરિવારના સભ્યો દોડી પહોચ્યા હતા અને ઘરનો દરવાજો તોડી રૂમમાં જોતા સ્તબ્ધ થઈ ગયા હતા. બનાવની જાણ થતા પોલીસ પણ પહોંચી ગઈ હતી. પોલીસને ઘટના સ્થળ પરથી એક સ્યુસાઈડ નોટ પણ મળી આવી હતી. નિમેશભાઈના ઘરે થી જે સ્યુસાઈડ નોટ મળી આવી છે તેમાં આત્મહત્યા પાછળ કોલેજના કામનુ ભારણ હોવાનું જણાવ્યું હતું. તેઓએ લખ્યું છે કે મને કોલેજમાં

કામનો બોજ લાગી રહ્યો છે. તેમણે લખ્યુંછેકે મને કોલેજમાં કામનો ખુબ જ બોજ લાગી રહ્યો છે. કોલેજની સેન્ટ્રલ લેવલે મને બે પોર્ટફોલિયો આપેલ છે. કોલેજનું ઈલેક્ટ્રીકલ મેઈન્ટેનન્સ તેમજ કોલેજના વિદ્યાર્થીઓની સ્કોલરશીપનું કામ આ બે કામમાં મને ખુબ જ બોજ રહે છે. મારા આપઘાતનું કારણ વધુ પડતો કોલેજનો કામનો બોજ છે. નિમેશભાઈના ઘર પરથી મળી આવેલી સ્યુસાઈડ નોટમાં જેમાં પોતાની અંતિમ ઈચ્છા વ્યકત કરી છે. જેમાં પહેલી ઈચ્છા ફરીયાદીના અગ્નિ સંસ્કારમાં કેનેડામાં અભ્યાસ કરી રહેલા દિકરા અક્ષતને નહી બોલાવવાની છે. જયારે તેઓના અગ્નિ સંસ્કાર મિત્ર અને કૌંટુબીક ભાઈ કરે તેવી ઈચ્છા વ્યકત કરી છે. જયારે સેકટર-૨ ડી ખાતે રહેતા નિમેશભાઈ શાહનો દિકરો અક્ષત કેનેડામાં અભ્યાસ કરે છે અને તેમના પત્ની રૂપલબેન વ્યારાની પોલીટેકનીક કોલેજમાં પ્રોફેસર તરીકે ફરજ બજાવે છે. તાજેતરમાં રૂપલબેનની અમદાવાદ ખાતે બદલી થઈ હતી. જયારે રૂપલબેન ચાર્જ છોડવા માટે વ્યારા જવા માટે નીકળ્યા હતા. નિમેશભાઈએ સ્યુસાઈડ નોટમાં લખ્યુ છે કે રૂપલ મને માફ કરજે, તને એકલી છોડીને જાઉ છું. આપણા દિકરા અક્ષતને સાચવજે. જયારે પોતાના મૃત્યુ બાદ પરિવારના સભ્યોને હેરાન પરેશાન કરવા નહી. પોલીસે સ્યુસાઈડ નોટ કબ્જે કરી એફએસએલની મદદ લઈ આગળની તપાસ હાથ ધરી છે. જયારે બનાવની જાણ થતા કેનેડાથી તેમનો દિકરો ગાંધીનગર આવવા માટે રવાના થઈ ગયો છે.

પરશુરામ જન્મોત્સવ તા.૨૨/૪/૨૩ ના રોજ છે. તે નિમિત્તે સેકટર ૩ શાખા ની મિટિંગ નુ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં યુવા મહામંત્રી તુષારભાઈ પ્રંસગ ની રૂપ રેખા આપી હતી અને કારોબારી મેમ્બર્સ અલગ અલગ મુદ્દા પર ચર્ચા કરી હતી. આ અગે સેકટર ૩ ના હાજર રહેલા ભુદેવ મેમ્બર્સ પુરતો સહયોગ આપવાની ખાતરી તુષારભાઈ ને આપેલ છે. સેકટર ૩ ના પ્રમુખ રાજેશભાઈ દવે,મહામંત્રી રિકીનભાઈ વ્યાસ,ડો. સંદિપ પાઠક, ખજાનચી રમેશભાઈ ઉપાધ્યાય, સતીષ દવે, રૂષિકેશ યાજ્ઞિક, ઉમેશ શુકલ,વિપીનભાઈ પંડ્યા,ભરત જાની,સમીર મહેતા, ધવલ દવે, હાદિક મહેતા, ધ્રુવ દવે હાજર રહયા હતા. અતંમા આભાર વિધિ રાજેશભાઈ દવે કરી મિટિંગ પૂર્ણ કરી હતી.

આજે દ્વારકા શારદાપીઠના જગદગુરુ શંકરાચાર્ય ગાંધીનગરમાં



ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર શહેરમાં સેકટર-૧૭માં સેન્ટ્રલ વિસ્ટા પાસે રાજ્ય કેન્દ્રીય પુસ્તકાલય સામે વાઈબ્રન્ટ ગુજરાત પ્રદર્શન ગ્રાઉન્ડના ટાઉન હોલ પાર્ક ખાતે વિદ્વાન વક્તા ભુપેન્દ્રભાઈ પંડયાની અમૃતવાણીમાં સફળતાના શિલ્પી શ્રી હનુમાન કથા ચાલી રહી છે. આ પ્રસંગે શ્રી હનુમાનજીની કૃપાથી પાટનગરને આંગણે એક અનોખો અવસર કથામાં સાંપડ્યો છે જેમાં તા.૧૧મી એપ્રિલ મંગળવારના રોજ ગાંધીનગર ખાતે સે.૧૭માં ચાલી રહેલી હનુમાન કથામાં હિન્દુ ધર્મના મહત્વના ધર્મગુરુ ગણાતાં દ્વારકા ખાતેની પશ્ચિમામ્નાય શ્રી શારદાપીઠના જગદગુરુ શંકરાચાર્ય સ્વામી શ્રી સદાનંદ સરસ્વતીજી મહારાજ ઉપસ્થિત રહી આશિર્વચન પાઠવશે. આ પ્રસંગે શંકરાચાર્યના દર્શનાર્થે ઉપસ્થિત રહેવા માટે તમામ શહેરીજનોને પરિવાર, સ્વજનો અને મિત્રો સહિત પધારવા જાહેર ભાવભર્યુ આમંત્રણ આયોજકો દ્વારા પાઠવવામાં આવ્યું છે.

ખૂણેખાંચરેથી

- શહેરમાં શાળાકીય પરીક્ષાનો માહોલ જોવા મળ્યો છે. વિદ્યાર્થીઓ અને વાલીઓ ચિંતામાં ગરકાવ થયેલા છે.
- ગાંધીનગર શહેર-જિલ્લામાં હીટવેવની અસરો જોવા મળી રહી છે. હજુ ૧૫મી સુધી આકરો તાપ પડવાનુ હવામાન-પૂર્વાનુમાન છે.
- સે. ૫ બ્રહ્મસમાજ મહિલા પાંખ દ્વારા સ્નેહમિલનનો કાર્યક્રમ યોજાયો હતો.
- ગાંધીનગર શહેરમાં ડોર ટુ ડોર ગાર્બેજ કલેક્શન માટે તંત્ર તાત્કાલિક પગલાં લે તેવી માંગ કોંગી કાઉન્સીલર અંકિત બારોટે કરી છે.
- કલોલના પાનસર ગામે તિજોરીની ચાવી બનાવવાનુ કહી બે અજાણ્યા શખ્સો રૂ. ૬.૨૬ લાખના ઘરેણા લઈ રફુચક્કર થયાની ઘટના નોંધાઈ છે.
- કલોલના આરસોડિયા ગામ ખાતેથી રહેણાંકના મકામાંથી દારૂ પકડાયો.
- દહેગામમાં પોલીસે જુગાર રમતા ૯ ઈસમોને પકડી પાડ્યા છે.
- ગાંધીનગર શહેરમાં જાહેર પાર્કિંગના પ્રશ્નો હવે વધુ પેચીદા બન્યા છે.
- ગાંધીનગર જિલ્લામાં પેયજળની માંગમાં વધારો થયો છે.
- સે. ૪માં રહેતા કિશોરની સાઈકલને અજાણ્યા ગાડી ચાલકે ટક્કર મારતાં અકસ્માત થયો હતો.
- કલોલમાં પાનસર ગામેથી દારૂનો જથ્થો ઝડપ્યો છે.
- એસ.આર.પી. જવાનના મોત બાદ સાથી મિત્રો પરિવારની મદદે આવ્યાની ઘટનાએ દહેગામ તાલુકામાં સૌના દિલ જીત્યા છે.
- નારદીપુર મિત્રમંડળ ગાંધીનગરની ૧૩મીએ બેઠક યોજાશે.
- ગાંધીનગર શહેરમાં ગુજરાત ટાઈટન્સ અને કોલકત્તા નાઈટ રાઈડર્સ વચ્ચેની મેચની અંતિમ ઓવરો તેમજ શિખર ધવનની બેટીંગ ટોક ઓફ ધી ટાઈન રહ્યા હતા.
- ગાંધીનગર શહેરમાં ઉનાળાના આરંભે જ માટલાના ભાવ ઉંચકાયા છે.
- ગાંધીનગર શહેરના જાહેર શૌચાલયોની સફાઈ સામે પ્રશ્નાર્થો ઉભા થયા છે.

રાયસણ ગામે ખેતરમાં મકાન કેમ બનાવો છો કહી વકીલ પર છરીથી હુમલો

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગરના રાયસણ ગામમાં રહેતા એડવોકેટ પર ચપ્પા વડે હુમલો કરવામાં આવ્યો છે. ખેતરમાં મકાન બનાવવા મુદ્દે સાફ સફાઈ કરાવતા હતા તે સમયે માથાકુટ થતા એડવોકેટ પર હુમલો થતા બે મહિલા સહિત પાંચ વ્યકિત સામે ફરીયાદ નોંધાઈ છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ મુળ રાયસણના અને હાલ સેકટર-૬ ખાતે રહેતા ૬૨ વર્ષિય ઈશ્વરજી બેચરજી વાઘેલા ગાંધીનગર કોર્ટમાં વકીલ-નોટરી તરીકે કામ કરે છે. જયારે શનિવારના રોજ રાયસણ ખાતે આવેલી જમીન પર તેઓ ગયા હતા. જયાં ખેતરમાં મકાન બનાવવાનું હોવાથી તેઓ સાફસફાઈ કરાવતા હતા. ત્યારે રાયસણ સ્થિત રહેતા અનિલ રમેશજી ઠાકોર અને તેમના માતા રૂપાબેન આવ્યા હતા. મકાન નહી બનાવવા માટે ધમકી આપી જતા રહ્યા હતા. જયારે રવિવારના રોજ સવારે રેતી અને ઈંટો આવતા તેઓ રાયસણ ખાતે ગયા હતા. જયા શ્રમિકોએ પાયા ખોદવાનું કામ શરુ કર્યું હતું. ત્યારે ૧૨ વાગ્યાના અરસામાં ફરીયાદીના ફોઈ કાશીબેન કાનાજી ઠાકોર અને ભગવતીબેન મહેશજી ઠાકોર આવ્યા હતા. તેઓ અહી કેમ મકાન બનાવો છો કહીને ઝઘડો કર્યો હતો. હોહા થતા આસપાસના નાગરીકો દોડી આવ્યા હતા. જેમાં મહેશ ચંદુજી ઠાકોર અને અનિલ ઉર્ફે લાલો રમેશજી ઠાકોર તેમજ જતીન કાનાજી ઠાકોર દોડી આવીને ઈશ્વજી ખુરશીમાં બેઠા હતા તે સમયે જ તેઓની પર હુમલો કરી દીધો હતો. ફરીયાદમાં થયેલા દાવા મુજબ ઈશ્વરજી ઉભા થવા ગયા ત્યારે કાશીબેન અને ભગવતી બેન બંન્નેએ તેમને પકડી રાખ્યા હતા. જયારે મહેશ ઠાકોરે હાથમાં રહેલી છરી તેઓને પેટમાં હુલાવી દીધી હતી. હુમલામાં તેમને પેટ તેમજ છાતીના ભાગે ઈજા થતા ઢળી પડ્યા હતા. જેથી તમામ હુમલાખોર નાસી ગયા હતા. જયારે આસપાસ માંથી દોડી આવેલા નાગરીકોએ એડવોકેટને ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે લઈ ગયા હતા. જયારે બનાવ અંગે ઈન્ફોસીટી પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

બોરીજ જુગારધામ પરથી ૧૦ જુગારી ઝડપાયા

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગરના બોરીજ ગામમાંથી જુગારધામ ઝડપાયું છે. ગામમાં લાઈટના અજવાળે કુંડાળુ વળી બાજી માંડીને બેઠેલા ૧૦ જુગારીઓને એલસીબી પોલીસે રંગેહાથ ઝડપી પાડયા છે. પોલીસે દાવ પરથી અને અંગજડતી દરમિયાન કુલ રૂ.૧૧ હજારથી વધુનો મુદ્દામાલ કબ્જે કરી આગળની તપાસ હાથ ધરી છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર એલસીબી-૨ ની ટીમ પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન પોલીસને બાતમી મળી હતી કે બોરીજ ગામમાં પાણીની ટાંકી પાસે લાઈટના અજવાળે જુગારધામ ધમધમે છે. જેથી અક્ષરધામ પાસે વાહનો મુકી પોલીસના જવાનો ચાલતા ગામમાં પહોંચ્યા હતા. જયારે બાતમીવાળી જગ્યાએ દુરથી જોતા કેટલાક શખ્સો લાઈટના અજવાળે કુંડાળુ કરીને જુગાર રમી રહ્યા હતા. જેથી પોલીસે ચોતરફ વિસ્તાર કોર્ડન કરી જુગારધામ પર ત્રાટક્યા હતા.ત્યારે રાત્રીના સમયે પોલીસને જોઈ જુગારીઓમાં ભાગદોડ મચી ગઈ હતી. પોલીસે જે તે સ્થિતિમાં જુગારીઓને બેસી રહેવાની સુચના આપી હતી.

એલસીબી પોલીસે તમામ જુગારીઓના નામ પુછતા જુગારીઓ બોરીજના રહેવાસી હતા. પોલીસે જુગારીઓની અંગજડતી અને દાવ પરથી કુલ રૂ.૧૦,૯૦૦ ની રોકડ જમા કરાવી તમામ સાથે સે-૨૧ પોલીસ મથકે જુગારનો ગુનો નોંધાયો છે.

જુગારીઓના નામ અને સરનામા

- જયેશ મહોતજી ઠાકોર
- સોમાજી નારણજી વણઝારા
- પોપટજી મણાજી ઠાકોર
- સાહિલ દિનેશજી ખાંટ
- કરણસિંહ બળવંતસિંહ ઝાલા
- આકાશ રજનીકાંત પરમાર
- ભાવિક બાબુલાલ પરમાર
- વિપુલ ગોવિંદજી ખાંટ
- સુરેશ આશાજી વણઝારા
- નરસિંહ કાનાજી ઠાકોર (તમામ રહે.બોરીજ) નો સમાવેશ થાય છે.

ગાંધીનગર મહાનગરપાલિકા સોલાર રૂફ ટોપથી મહિને ૩ લાખ રૂપિયાની બચત કરશે

ગાંધીનગર, તા.૧૦

દેશના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીની દિર્ઘ દ્રષ્ટિ તેમજ રીન્યુએબલ એનર્જી થકી દેશને આત્મનિર્ભર બનાવવાના સ્વપ્નને સાકાર કરવાના રસ્તે ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા ગ્રીન એનર્જી પર ભાર મૂકવામાં આવી રહ્યો છે. ગાંધીનગર મહાનગરપાલિકાની મુખ્ય કચેરી તેમજ ફાયર સ્ટેશનની છત પર સોલાર સિસ્ટમ લગાવીને ગ્રીન એનર્જી ઉત્પન કરવા માટેની શરૂઆત કરવામાં આવી છે. સ્માર્ટ સિટી મિશન હેઠળ ગાંધીનગર મહાનગર પાલિકાના વિવિધ સ્થળો પર સોલાર રૂફટોપ અને સોલાર ટ્રી ઈન્સ્ટોલેશનની કામગીરી કરવામાં આવી છે. જેનું ઉદ્ઘાટન ગાંધીનગરના મેયર હિતેશભાઈ મકવાણાના હસ્તે કરવામાં આવ્યું હતું.

આ અવસરે શહેર ભાજપ અધ્યક્ષ રુચિરભાઈ ભટ્ટ, ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય રીટાબેન પટેલ, દક્ષિણના ધારાસભ્ય અલ્પેશભાઈ ઠાકોર, ડે. મેયર પ્રેમલસિંહ ગોલ, સ્ટે.કમિટીના ચેરમેન જશવંતભાઈ પટેલ, મ્યુનિસિપલ કમિશનર જીતેન્દ્રસિંહ વાઘેલા, ડે.મ્યુ.કમિશનર કેયૂર જેઠવા, મહાનગરપાલિકાના કાઉન્સિલરો તેમજ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રોજેક્ટ હેઠળ ૩૨ સ્થળો પર કુલ ૯૪૫ કિલોવોટના સોલાર પ્લાન્ટ લગાવવામાં આવ્યા છે. જેમાં મહાનગરપાલિકાની મુખ્ય કચેરી પંડિત દીનદયાલ ઉપાધ્યાય ભવન ખાતે કુલ ૩૬૫ કિલોવોટની રૂફટોપ સિસ્ટમ લગાવવામાં આવી છે. જેની મદદથી મહાનગરપાલિકાને વર્ષે અંદાજે ૩૫.૮૮ લાખ રૂપિયાની બચત થશે. આ ઉપરાંત પર્યાવરણને પણ લાભ થશે. આ સિસ્ટમથી ૨૫ વર્ષમાં અંદાજે ૯૩૦૦ ટન કાર્બન ડાયોક્સાઈડનું ઉત્સર્જન ઘટશે. એટલે કે આ સિસ્ટમથી પર્યાવરણમાં અંદાજે ૧૪,૭૦૦ સાગના વૃક્ષ વાવવાની સમકક્ષ લાભ કરશે.

આજે કુડાસણ સહજાનંદ સીટીમાં આનંદનો ગરબો

ગાંધીનગર, તા. ૧૦

માં મેલડી આનંદ ગરબા મંડળ સે. ૩-સી દ્વારા તા. ૧૧ એપ્રિલના રોજ સહજાનંદ સીટી, કુડાસણ ખાતે પટેલ જાગૃતિબેન રાકેશકુમારના નિવાસસ્થાને બી-૧, સહજાનંદ સીટી, કુડાસણ, રીલાયન્સ ચોકડી આગળ બપોરે ૩ થી ૬ કલાક સુધી આનંદનો ગરબો યોજાશે.

સેવા સાથે શાસકની સંવેદના

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં કાર્યરત નિઃશુલ્ક આહાર કેન્દ્રમાં આરોગ્યમંત્રીએ ખુદ દર્દીઓના સ્વજનોને ભોજન પીરસ્યુ

ગાંધીનગર,તા.૧૦

રાજ્ય આરોગ્ય વિભાગના મંત્રીશ્રી ઋષિકેશ પટેલની રાજ્યના દર્દીઓ, તેમના સ્વજનો, અંગદાતા પરિવારજનો અને બાળકો માટેની સંવેદનાના અનેક કિસ્સા આપણને જોવા મળ્યાં છે. શાસકની સંવેદના દર્શાવતો વધુ એક કિસ્સો ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં આરોગ્યમંત્રીશ્રીની મુલાકાત વેળાએ જોવા મળ્યો હતો. લોકસેવાને શાસનનું હાર્દ બનાવીને જન સેવામાં સેવારત મુખ્મંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વ હેઠળની સરકારના આરોગ્ય મંત્રીશ્રીએ જાતે દર્દીઓના સ્વજનોને ભોજન પીરસીને સેવાનો આનંદ માણ્યો હતો. બન્યુ એવું કે, કોરોનાની મોકડ્રીલ સંદર્ભે આરોગ્ય મંત્રીશ્રી કોવિડ ડેઝીગ્નેટેડ હોસ્પિટલની મુલાકાત લેવા પહોંચ્યા હતા.આ દરમિયાન તેમણે હોસ્પિટલમાં નિર્માણાધીન વિવિધ વિકાસ કાર્યોનું પણ સ્થળ નિરીક્ષણ કર્યું હતુ. આ સ્થળ નિરીક્ષણ વખતે તાજેતરમાં જ કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઇ શાહના હસ્તે દર્દીઓ અને તેમના સ્વજનોના હિતાર્થે કાર્યરત બનેલ આહાર કેન્દ્રની પણ આરોગ્ય મંત્રીશ્રી ઋષિકેશ પટેલે મુલાકાત લીધી હતી. આહાર કેન્દ્રની મુલાકાત વેળાએ તેઓએ ભોજનનો આસ્વાદ માણી રહેલા દર્દીઓના પરિજનો અને હોસ્પિટલ સ્ટાફ સાથે સંવાદ પણ સાધ્યો હતો. આ સંવાદ બાદ આરોગ્યમંત્રીશ્રીએ દર્દીઓના સ્વજનોને ખુદ આહાર કેન્દ્રમાં ભોજન પીરસીને માનવ સેવા એજ પ્રભુ સેવાનું ઉત્તમ ઉદાહરણ પણ પૂરૂ પાડ્યું હતુ.

વિશ્વ હોમીયોપેથી દિવસ ઉજવાયો

ગાંધીનગર,તા.૧૦

આયુર્વેદ અધિકારી શ્રી વૈદ્ય ભાવનાબેન પટેલ ના માર્ગદર્શન હેઠળ વિશ્વ મીયોપેથી દિવસ અને હોમીયોપેથી ના શોધક ડો. સેમ્યુઅલ હનેમાન ની જન્મજયંતી નિમિત્તે રાહેલબા વૃધ્ધાશ્રમક્ મગોડી તા. જી ગાંધીનગર ખાતે તા.૧૦. ૪. ૨૦૨૩ ના રોજ સરકારી હોમિયોપેથીક દવાખાના ચિલોડા તા.જી. ગાંધીનગર દ્વારા હોમિયોપેથીક નિદાન રવાર કેમ્પ યોજાયો.

લાઈફ સ્ટાઈલ રોગો જેવા કે ડાયાબિટીસ, બીપી વગેરે માં હોમીયોપેથી સારવાર ના ફાયદા તથા મોટી ઉંમર માં થતાં રોગો વિશે જાણકારી આપી અને તેને લગત હોમિયોપેથીક સારવાર વિશે જાણકારી આપી.આ કેમ્પ માં કુલ ૭૨ લોકો ને હોમિયોપેથીક સારવાર આપવા માં આવી , આ સાથે મગોડી પેટા આરોગ્ય કેન્દ્ર ના સહયોગ થી ફૂલ ૬૫ લોકો ને ડાયાબિટીસ અને બ્લડપ્રેશર ચકાસણી કરવામાં આવી. આ કેમ્પમાં કોરોના સામે શરીર માં રોગ પ્રતિકારક શક્તિ વધે માટે રોગપ્રતિરોધક હોમિયોપેથીક દવા આર્સેનિક આલ્બમ ૩૦ નું ફૂલ ૩૫૦ લોકોને વિતરણ કરાયું, આ કેમ્પ માટે રાહેલબા વૃધ્ધાશ્રમ મગોડી નો ખુબજ સારો સહકાર મળ્યો હતો.